૨

**સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત ગ્રાન્ટ ઇન એઇડ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટેના છાત્રાલયોના કર્મચારીઓના ઉચ્ચક વેતનમાં વધારો કરવા બાબત.**

S. J. & E. DEPTT.
- 6 MAR 2014
IWDMS No.....................

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રઃઅજાક/૧૦૨૦૧૨/33/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ 3/3/૨૦૧૪.

<u>વંચાણે લીધાઃ</u>

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ-
ગઅછ/૧૫૨૦૦૪/હ઼ા.૨૫/ગ, તા.૨૮/૯/૨૦૦૫

<u>ઠરાવઃ-</u>

ગુજરાત રાજય પછાત વર્ગ છાત્રાલય કર્મચારી મહામંડળ, જિલ્લા વડોદરા દ્વારા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટેના સ્વૈચ્છિક સંસ્થા સંસ્થા સંચાલિત ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયના કર્મચારીઓના ઉચ્ચક વેતનમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

૨. ગુજરાત રાજય પછાતવર્ગ છાત્રાલય કર્મચારી મહામંડળની રજુઆતના અનુસંધાને રાજય સરકારે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળના વિદ્યાર્થીઓ માટે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતા છાત્રાલયોના કર્મચારીઓને ક્રમ(૧) વંચાણે લીધેલ ઠરાવ મુજબના ઉચ્ચક વેતન દરમાં પુખ્ત વિચારણાના અંતે નીચેના પત્રકમાં કોલમ-૪ માં દર્શાવ્યા મુજબનો વધારો કરવાનો નિર્ણય લીધેલ છે.

| ક્રમ | કર્મચારીનો હોદ્દો | જુના વેતન દર | વધારેલા વેતન દર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | નોન એસ.એસ.સી.ગૃહપતિ/ ગૃહમાતા | ૨૩૦૦/- | ૪૫૦૦/- |
| ૨ | નોન એસ.એસ.સી.ગૃહપતિ/ ગૃહમાતા | ૨૪૦૦/- | ૪૫૦૦/- |
| ૩ | એસ.એસ.સી.પાસ અને પી.ટી.સી. અથવા એસ.એસ.સી. પાસ અને છાત્રાલયના ગૃહપતિ તરીકે ૫ વર્ષનો અનુભવ. | ૨૫૦૦/- | ૪૫૦૦/- |
| ૪ | સ્નાતક ગૃહપતિ | ૨૬૦૦/- | ૫૫૦૦/- |
| ૫ | સ્નાતક અને ગૃહપતિ તરીકેનો ૫ વર્ષનો અનુભવ અથવા ટ્રેઇન્ડ સ્નાતક | ૨૭૦૦/- | ૫૫૦૦/- |
| ૬ | મુખ્ય રસોયા | ૧૩૦૦/- | ૩૦૦૦/- |
| ૭ | મદદનીશ રસોયા | ૧૨૦૦/- | ૨૫૦૦/- |
| ૮ | ચોકીદાર | ૧૦૦૦/- | ૨૫૦૦/- |

3. આ ઠરાવનો અમલ આગામી નાણાકીય વર્ષ તા.૧-૪-૨૦૧૪ થી કરવાનો રહેશે.

સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયના કમર્ચારીઓના ઉપર મુજબ સુધારેલ વેતન દર મંજુર કરવામાં આવે છે અને તે વેતનના ૯૦ ટકા પ્રમાણે ગ્રાન્ટ ચુકવવાનું ઠરાવવામાં આવે છે.

૪. સરકારશ્રીના શિક્ષણ અને મજૂર વિભાગના ઠરાવ ક્રઃબીસીએચ/ ૧૦૬૭/૩૭૦૮ (૬૯)/જ હેઠળ સૈચ્છિક સંસ્થાઓ સંચાલિત ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયના નિયમો નકકી કરવામાં આવ્યા છે. ત્યારબાદ તા.૮-૧૦-૮૭ ના ઠરાવ અને અન્ય ઠરાવોથી સમયાંતરે આ નિયમોમાં સરકારશ્રીએ સુધારા વધારા પણ કરેલા છે. આ તમામ નિયમોને ધ્યાનમાં રાખી સુધારેલ દરે વેતન માટે ગ્રાન્ટ ચૂકવવાની રહેશે.

૫. ઉપરોકત છાત્રાલયોના ઉપર દર્શાવ્યા પ્રમાણેના કર્મચારીઓના વેતનમાં જે વધારો કરવામાં આવેલ છે એ ચાલુ વર્ષે જરૂરિયાત મુજબ વધારાનો ખર્ચ મંજુર કરેલ ગ્રાન્ટમાંથી અથવા પુરક માગણીથી મેળવવાનો રહેશે અને તે માટે યોગ્ય સમયે પુરક માંગણી રજૂ કરવાની રહેશે.

૬. (૧) આ અંગે અનુસૂચિત જાતિઓના છાત્રાલયો માટે નીચેના હેડે ખર્ચ પાડવાનો રહેશે

માંગણી ક્રમાંકઃ ૯૫- અનસૂચિત જાતિ પેટા યોજના, મુખ્ય સદર- ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ- આદિજાતિઓ તથા અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર- ૦૧- અનુસૂચિત જાતિઓનુ કલ્યાણ, ગૌણ સદર –૨૭૭- શિક્ષણ, પેટા સદર (૧૨) બીસીકે-૧૯, સુબેદાર રામજી આંબેડકર છાત્રાલયને અનુદાન.

(૨) આ અંગે વિમુકત અને વિચારતી જાતિઓના છાત્રાલયો માટે નીચેના હેડે ખર્ચ પાડવાનો રહેશે.

માંગણી ક્રમાંકઃ ૯૨- સામાજીક સુરક્ષા અને કલ્યાણ, મુખ્ય સદર-૨૨૨૫- અનુ.જાતિઓ, આદિજાતિઓ તથા અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર – ૮૦- સામાન્ય, ગૌણ સદર-૧૦૧- વિમુકત અને અન્ય અસ્થાયી જાતિઓનું કલ્યાણ, પેટા સદર (૧૧) બીસીકે-૧૪૩- પછાતવર્ગોના છાત્રાલયોને સહાયક અનુદાન

(૩) આ અંગે વિકસતી જાતિના છાત્રાલયો માટે નીચેના હેડે ખર્ચ પાડવાનો રહેશે. માંગણી ક્રમાંકઃ ૯૨- સામાજીક સુરક્ષા અને કલ્યાણ, મુખ્ય સદર- ૨૨૨૫- અનુ.જાતિઓ, આદિજાતિઓ તથા અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર -૦૩ –પછાતવર્ગોનું કલ્યાણ, ગૌણ સદર- ૨૭૭- શિક્ષણ, પેટા સદર (૧૧) બીસીકે- ૮૮- પછાતવર્ગોના છાત્રાલયોને સહાયક અનુદાન

(૪) આ અંગે અનુસૂચિત આદિજાતિઓના છાત્રાલયો માટે નીચેના હેડે ખર્ચ પાડવાનો રહેશે

માંગણી ક્રમાંકઃ ૯૬- આદિજાતિ વિસ્તાર પેટા યોજના, મુખ્ય સદર- ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, આદિજાતિઓ તથા અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર- ૦૨- અનુસૂચિત આદિજાતિઓનુ કલ્યાણ, ગૌણ સદર –૭૯૬- આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર (૦૫) બીસીકે-૧૬૫- સ્વૈચ્છિક સંસ્થા હસ્તકની ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલય.

(૫) આ અંગે અનુસૂચિત આદિજાતિ (આ.વિ.પે.યો.સિવાય)ઓના છાત્રાલયો માટે નીચેના હેડે ખર્ચ પાડવાનો રહેશે.

માંગણી ક્રમાંકઃ૯૩- અનુસૂચિત આદિજાતિનુ કલ્યાણ, મુખ્ય સદર- ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ- આદિજાતિઓ તથા અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર- ૦૨- અનુસૂચિત આદિજાતિઓનુ કલ્યાણ, ગૌણ સદર –૨૭૭- શિક્ષણ, પેટા સદર (૧૧) બીસીકે-૧૬૫- પછાતવર્ગોના છાત્રાલયોને સહાયક અનુદાન

૭.  આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગના પરામર્શમાં સરકારશ્રીની તા.૧૪-૧૨-૨૦૧૩ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આર.જે.માકડિયા )
સંયુકત સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન.રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
માન.મંત્રીશ્રી(આદિજાતિ કલ્યાણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
સર્વે માન.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, ગાંધીનગર
માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.અને પ.વ.ક)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
માન.રા.ક.મંત્રીશ્રી(આદિજાતિ કલ્યાણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
સર્વે માન.રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, ગાંધીનગર
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
કમિશ્નરશ્રી, આદિજાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/ રાજકોટ
પગાર અને હિસાબ અધિકારીશ્રી, ગાંધીનગર
રેસીડેન્ટ ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ(નિયામકશ્રી,અ.જા.ક.મારફત)
સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(પંચાયત) (નિયામકશ્રી,અ.જા.ક.મારફત)
સર્વે નાયબ નિયામકશ્રીઓ/સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.ક)(નિયામકશ્રી,અ.જા.ક.મારફત)
વિભાગની સર્વે શાખાઓ. / સીલેકટ ફાઇલ.
- કમ્પ્યુટર સેલ શાખા (સિ.અ.શ્રી) ઠરાવ વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતી સહ.